(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૨૭૩/૨૦૨૫**
**આંક:– ૧૩**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– પાર્થ | પિતા/પતિનું નામ:– મનસુખભાઈ જીવાણી |
| | ઉ.વ.:– ૨૭ વર્ષ |
| ધંધો:– નોકરી (ખેતી અધિકારી) | સરનામુ:– ૪૦૧, એન્ટીલા હાઈટ, ધર્મવિજય રેસીડેન્સ, કન્યા છાત્રાલય રોડ, મોરબી. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧)** તા.૦૬/૦૩/૨૩નારોજ ખેતીવાડી અધીકારી તરીકે નાયબ ખેતી નીયામક વિસ્તરણ મોરબીખાતે મારી નીમણુંક થયેલ અને હું મારી ફરજ ઉપર તા.૦૯/૦૩/૨૩નારોજ ગાંધીનગર ખાતે હાજર થયેલો અને ત્યારબાદ ૧૩/૦૩/૨૩નારોજ અમારી નીમણુંક મોરબી ખાતે થતા હું મારી ફરજ ઉપર હાજર થયેલ.જેના જાહેરનામાની નકલ અમોએ ફરીયાદ સાથે માર્ક–૨/૧થી રજુ રાખેલ છે જેમા ક્રમ નં.૨૯ ઉપર મારુ નામ છે, જેની ઝેરોક્ષ નકલ આજરોજ રજુ રાખુ છુ જે રજુ દાખલ **આંક–૧૪.** આ સીવાયનો હળવદ ખેતીવાડી અધીકારી તરીકેનો ચાર્જ તા.૧૩/૦૩/૨૩થી સોપવામા આવેલ જેનો કાર્યાલય આદેશ માર્ક–૨/૨ થી ફરીયાદ સાથે રજુ રાખેલ છે જેની ઝેરોક્ષ નકલ આજરોજ રજુ રાખુ છુ જે રજુ દાખલ **આંક–૧૫.** ત્યારબાદ અમોએ તા.૧૩/૦૩/૨૩નારોજ ખેતી અધીકારી ટી.એ.ફળદુ પાસેથી ચાર્જ સંભાળેલ, જે ફરીયાદ સાથે માર્ક–૨/૩ થી રજુ રાખેલ છે જેની ઝેરોક્ષ નકલ આજરોજ રજુ રાખુ છુ જે રજુ દાખલ **આંક–૧૬.** અમોએ ફરીયાદ સાથે ગુજરાત સરકારના એગ્રીકલ્ચર ફાર્મર્સ વેલફેર એન્ડ કો–ઓપરેશન ડીપાર્ટમેન્ટ ગાંધીનગરનુ તા.૧૨/૦૧/૧૮નુ નોટીફીકેશન માર્ક–૨/૪થી રજુ રાખેલ જેની ઝેરોક્ષ નકલ આજરોજ રજુ રાખુ છે જેને રજુ દાખલ **આંક–૧૭.** તા.૨૫/૦૮/૨૧ નારોજ ખેતી અધીકારીશ્રી સી.એ.લુહાર દ્વારા હળવદ તાલુકાના સુર્યનગર ગામે આવેલ એગ્રી બીઝનેશ સેન્ટરમાંથી મીકસર ઓફ માઈક્રોન્યુટ્રીઅન્ટ (ગુજરાત નોર્મલ ગ્રેડ–૫, સોઈલ એપ્લીકેશન) ખાતરનો નમુનો લીધેલો જેનો નંબર ૧૯/૨૦૨૧–૨૨ છે જેનું ફોર્મ–જે માર્ક–૨/૫ થી ફરીયાદ સાથે રજુ રાખેલ જેની અસલ પ્રત આજરોજ હું મારી સાથે લાવેલ છુ જેમા ખેતી અધીકારીશ્રી સી.એ.લુહાર અને એગ્રી બીઝનેશ સેન્ટરના જવાબદાર વ્યકતીની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૧૮.** અમોએ ફરીયાદ સાથે માર્ક–૨/૬થી ફોર્મ–પી કે જે સેમ્પલ લેતી વખતે ભરવાનો હોય છે, જેની નકલ રજુ રાખેલ જે અસલ ફોર્મ–પી આજરોજ રજુ કરુ છુ જેમા ખેતી અધીકારીશ્રી સી.એ.લુહારની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૧૯.** અમોએ ફરીયાદ સાથે ફોર્મ–કે જે એફટીએલ જુનાગઢ ખાતે પૃથ્થકરણ માટે નમુનો

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

મોકલેલ ત્યારે ભરવામા આવેલ જે માર્ક–૨/૭ થી રજુ રાખેલ જે અસલ ફોર્મ–કે આજરોજ રજુ કરુ છુ જેમા  ખેતી અધીકારીશ્રી સી.એ.લુહારની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૨૦.**   ત્યારબાદ જુનાગઢ ખાતેની ખાતર ચકાસણી પ્રયોગશાળા ખાતે મોકલેલ નમુનાનુ પરીણામ

તા.૧૪/૦૯/૨૧નારોજ આવેલ જેમા લીધેલ નમુનો બીનપ્રમાણીત હોવાનુ આવેલ અને જેમા ઝીંક ૫ ટકાના બદલે ૩.૩૩ ટકા આવેલ જે રીપોર્ટ ફોર્મ–એલ ફરીયાદ સાથે માર્ક–૨/૮/૧ થી રજુ રાખેલ જેની અસલ પ્રત આજરોજ રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૨૧.** ત્યારબાદ નમુનો બીનપ્રમાણીત આવતા કંપની ધ્વારા ફેર પૃથ્થકરણની માગણી કરેલ. ત્યારબાદ ફેર પૃથ્થકરણ અર્થે નમુનો સેન્ટ્રલ ફર્ટીલાઈઝર કવોલીટી કન્ટ્રોલ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ ફરીદાબાદ ખાતે મોકલવામા આવેલ જેનુ પરીણામ તા.૧૪/૦૧/૨૨નારોજ બીનપ્રમાણીત હોવાનુ આવેલ જેમા એફઈ ૨ ટકાને બદલે ૦.૧૧ ટકા એમએન ૦.૫ ટકાને બદલે ૦.૧૬ ટકા અને બી ૦.૫ ટકાને બદલે ૦.૨૯ જણાયેલ જેથી બીનપ્રમાણીત થયેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૮/૨થી કુલ બે ડોકયુમેન્ટ રજુ રાખેલ જેની અસલ પ્રત આજરોજ હું રજુ કરુ છુ જે સંયુકત રજુ દાખલ **આંક–૨૨.** ત્યારબાદ ત્રીજા પૃથ્થકરણ માટે નમુનો નેશનલ ટેસ્ટ હાઉસ જયપુર ખાતે મોકલાવેલ જેનુ પરીણામ તા.૨૧/૧૧/૨૨નારોજ ઝેડએન ૫ ટકાને બદલે ૨.૬ ટકા અને બી ૦.૫ ને બદલે ૦.૩ ટકા જણાયેલ જેથી બીનપ્રમાણીત આવેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૮/૩થી કુલ બે ડોકયુમેન્ટ, પેજ–૪ રજુ રાખેલ જેની અસલ પ્રત આજરોજ હું રજુ કરુ છુ જે સંયુકત રજુ દાખલ **આંક–૨૩.** ત્યારબાદ તા.૨૦/૦૯/૨૧નારોજ ખેતી અધીકારી સી.એ.લુહાર હળવદ ધ્વારા શ્રી એગ્રી બીઝનેશ સેન્ટર સુર્યનગરને તથા ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી. ધોળાકુવા તા.માણસા, જી. ગાંધીનગર વાળાને તથા અમો  ધ્વારા તા.૦૨/૦૫/૨૪નારોજ ઓમકાર એગ્રો કેમીકલ્સ પ્રા.લી.નાઓને કારણદર્શક નોટીસ આપેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૯થી સંયુકતરીતે રજુ રાખેલ જે અસલ નોટીસો આજરોજ રજુ કરુ છુ જેમા સી.એ.લુહારની અને મારી સહી છે જે હું ઓળખુ છુ જે સંયુકત રજુ દાખલ **આંક–૨૪.**  ત્યારબાદ એગ્રી બીઝનેશ સેન્ટર સુર્યનગર ધ્વારા કરવામા આવેલ ખુલાસા તથા તેની સાથે રજુ રાખેલ બીલ તથા સ્ટોક રજીસ્ટર તથા આધાર કાર્ડ, ખાતરના લાયસન્સની નકલ તા.૨૨/૦૯/૨૧નારોજના ખુલાસા સાથે રજુ કરેલ જેની નકલ ફરીયાદ સાથે માર્ક–૨/૧૦ થી રજુ રાખેલ જેના પાના નંબર ૫૧ તથા ૫૨ અસલ તેમજ  પાના નંબર ૫૩ થી ૭૧ ઝેરોક્ષ નકલ સંયુકત રજુ દાખલ **આંક–૨૫.** ત્યારબાદ ઓમકાર એગ્રો કેમીકલ્સ ધ્વારા ખેતીવાડી અધીકારીશ્રી હળવદનાઓને જવાબ તથા બીલ તથા ઓથોરીટી લેટર તથા લાયસન્સની નકલ આપવામા આવેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૧૧ થી પેજ નં.૭૨ થી ૮૬ સુધીના છે જે ઝેરોક્ષ નકલ સંયુકત રજુ દાખલ **આંક–૨૬.** ત્યારબાદ ખેતી અધીકારી હળવદ ધ્વારા નાયબ ખેતી નીયામક મારફત ખેતી નીયામકશ્રી ગાંધીનગરને તા.૨૭/૦૫/૨૪નારોજ ફોરવર્ડીંગ લેટર સાથે દરખાસ્ત મોકલવામા આવેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૧૨ થી પેજ નં.૮૭ થી ૯૪ રજુ રાખેલ જે અસલ પ્રત આજરોજ રજુ કરુ છુ જે સંયુકત રજુ દાખલ **આંક–૨૭.** ત્યારબાદ ખેતી નીયામકશ્રી ધ્વારા તા.૨૯/૦૩/૨૫નારોજ ફોજદારી કાર્યવાહી કરવાની સંમતી આપેલ જે ફરીયાદ સાથે માર્ક–૨/૧૩ થી રજુ રાખેલ જે આજરોજ અસલ પ્રત રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૨૮.** અમોએ આ કામના આરોપીઓ સામે આપ નામ. કોર્ટ સમક્ષ અમારી લેખીત ફરીયાદ તા.૨૪/૦૪/૨૫નારોજ દાખલ કરેલ છે જે અસલ ફરીયાદ મને બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખુ છુ જે અસલ ફરીયાદ રજુ દાખલ **આંક–૨૯**. આરોપીઓને જોયે હું ઓળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર નથી. આરોપીપક્ષે ઓળખની તકરાર નથી.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી કે.એન.ઉપાધ્યાય**

(૨)   આરોપી તરફે ઉલટ તપાસ માટે મુદત અરજી આવતા સબબ કામ ઉલટ તપાસ

માટે મુલતવી.
**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૨૫/૧૧/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ